ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પરીક્ષા પ્રમાણપત્ર વિનિયમ-૨૦૦૫ માં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૦/૧૭૯૯/છ
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૦/૧૦/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) ગુજરાતમાધ્યમિકઅનેઉચ્ચતરમાધ્યમિકશિક્ષણ પરીક્ષા પ્રમાણપત્ર વિનિયમો-૨૦૦૫

(૨) શિક્ષણ વિભાગનો તા:૧૨/૧૦/૨૦23 નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૭૯૯/છ

(3) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની તા:૧૧/૦૬/૨૦૨૪ ની નોંધ પર મળેલ મંજૂરી

આમુખ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પરીક્ષા પ્રમાણપત્ર વિનિયમો-૨૦૦૫માં વિનિયમ ક્રમાંક: ૧૬(૧) માં શિક્ષણ વિભાગ દ્વારા વખતોવખત સુધારાઓ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પરીક્ષા પ્રમાણપત્ર વિનિયમો-૨૦૦૫ ના વિનિયમ ક્રમાંક: ૧૬(૧) માં સુધારો કરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (3) સામેની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઈલ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૨) ના વિનિયમ ક્રમાંક: ૧૬(૧) માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પરીક્ષા પ્રમાણપત્ર વિનિયમો-૨૦૦૫ના વિનિયમ ક્રમાંક: ૧૬(૧) માં આ સાથેના સામેલ પત્રક મુજબ સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૦/૧૦/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(એ જી ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી ,કમિશ્નરશ્રીશાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા બોર્ડ, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

પત્રક-બ

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-૨૦૦૫નાવિનિયમ-૧૬(૧), હાલની જોગવાઈમાં સુધારો કરવા બાબત

**ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૭૯૯/છ, તા:          નું બિડાણ**

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઈ | નવી જોગવાઈ |
|---|---|---|
| ૧૬(૧) | પરીક્ષા સમિતિ વખતો વખત નક્કી કરે તે મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ નક્કી કરેલ કેન્દ્રોમાં વર્ષમાં એકવાર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા માર્ચ માસમાં લેવાશે. સામાન્ય રીતે આવા નક્કી કરેલા કેન્દ્રોની જાણ શાળાઓને માર્ચ માસમાં લેવાનાર પરીક્ષા માટે જે તે વર્ષની પહેલી જાન્યુઆરી પહેલાં કરવામાં આવશે.જે તે વર્ષના માર્ચ માસમાં લેવાયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં ઉપસ્થિત, | પરીક્ષા સમિતિ વખતો વખત નક્કી કરે તે મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ નક્કી કરેલ કેન્દ્રોમાં વર્ષમાં એકવાર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્રની મુખ્ય પરીક્ષા <u>બોર્ડ નક્કી કરે તે</u> માસમાં લેવાશે. સામાન્ય રીતે આવા નક્કી કરેલા કેન્દ્રોની જાણ શાળાઓને જે તે વર્ષના જાન્યુઆરી માસમાં કરવામાં આવશે.<br>જે તે વર્ષની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા(ધોરણ ૧૦) અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા(ધોરણ ૧૨ તમામ પ્રવાહ) માટે મુખ્ય પરીક્ષામાં નોંધાયેલ ઉમેદવારો, |

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઈ | નવી જોગવાઈ |
|---|---|---|
| | ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (વિજ્ઞાન પ્રવાહ) ના ઉમેદવારોને તમામ વિષયોની બોર્ડ દ્વારા જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે. બંને પરિણામ એટલે કે માર્ચ અને જૂન/જુલાઈ માંથી જે શ્રેષ્ઠ (Best of Two Exams) હોય તે પરિણામ સ્વીકારવાનું રહેશે.<br>ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (સામાન્ય પ્રવાહ)માં બે વિષયમાં 'D' (ડી) ગ્રેડથી નીચેનો ગ્રેડ મેળવનાર ઉમેદવારને બોર્ડ દ્વારા જૂન/જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે.<br>માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં ત્રણ વિષયોમાં 'D' (ડી) ગ્રેડથી નીચેનો ગ્રેડ મેળવનાર ઉમેદવારને બોર્ડ દ્વારા જૂન/જુલાઈ | માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા -ધોરણ)૧૦(અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્રપરીક્ષા (ધોરણ-૧૨તમામપ્રવાહ(નાઉમેદવારોનેતમામવિષયોની<u>બોર્ડ નક્કી કરે તે</u> માસમાં યોજાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે .<br>ઉમેદવારે મેળવેલ <u>મુખ્ય પરીક્ષા</u> અને <u>પૂરક પરીક્ષા</u>ના <u>પરિણામ માંથી જે પરિણામ</u> શ્રેષ્ઠ (Best of Two) હશે તે પરિણામ માન્ય(ગ્રાહ્ય) રહેશે.<br>માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-૧૦)અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્રપરીક્ષા (ધોરણ-૧૨તમામપ્રવાહ)ની પૂરક પરીક્ષા સંબંધી વિસ્તૃત નિયમો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવશે.<br>ખાસ સંજોગોમાં કોઈપણ સમયે અને કોઈપણ પરીક્ષા કેન્દ્ર પર ખાસ પરીક્ષા લેવાનો અધિકાર પરીક્ષા સમિતિને રહેશે. વિશિષ્ટ સંજોગોમાં બોર્ડના |

Chaudhry.

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઈ | નવી જોગવાઈ |
|---|---|---|
| | માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે.<br>પૂરક પરીક્ષા સંબંધિત વિસ્તૃત નિયમો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બનાવવામાં આવશે. પૃથ્થક ઉમેદવાર જૂન/જુલાઈ પૂરક પરીક્ષામાં બેસી શકશે નહી. ખાસ સંજોગોમાં કોઈપણ સમયે અને કોઈપણ પરીક્ષા કેન્દ્ર પર ખાસ પરીક્ષા લેવાનો અધિકાર પરીક્ષા સમિતિને રહેશે. | અધ્યક્ષ નિર્ણય લઈ શકશે અને નિર્ણયની જાણ પરીક્ષા સમિતીને કરશે.<br>નોંધ:-<br>(૧) ગુજરાતમાધ્યમિકઅનેઉચ્ચતરમાધ્યમિકપ્રમાણપત્રપરીક્ષાવિનિયમો-૨૦૦૫નાવિનિયમ-૩૦(૧) માંનિયત થયેલ જોગવાઈ મુજબ પૃથ્થક ઉમેદવાર જે વર્ષની મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત હોય અને પૂરક પરીક્ષાની જોગવાઈ મુજબ પૂરક પરીક્ષા આપવા માટે પાત્રતા ધરાવતા હોય તો તેવા ઉમેદવાર તે જ વર્ષની પૂરક પરીક્ષા માટે લાયક ઠરશે.<br>(૨) સરકારશ્રીદ્વારાથયેલવિશેષજોગવાઈસિવાય કોઇપણ ઉમેદવાર જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં નોંધાયેલ ન હોય તો તે ઉમેદવાર પૂરક પરીક્ષાને લાયક ઠરશે નહી. |